
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH



શ્રી જીરાવલા પાર્શ્વનાથના ભવ્ય તીર્થનું રમ્ય દૃશ્ય

પુસ્તક ૫૫
અંક ૧૨

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

આસો
સં. ૨૦૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષયાનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. | જ્ઞાનનું મહત્વ. | ( જ્ઞાનોપાસનામાંથી ઉધ્ધૃત ) | ૧૬૯ |
| ૨. | પ્રભુ મહાવીર સમયનું જૈન જીવન. | ( શ્રી પાદરાકર ) | ૧૭૦ |
| ૩. | મધુમક્ષિકે ! | (શ્રી બાલચંદ હીરાચંદ સાહિત્યચંદ્ર)" | ૧૭૧ |
| ૪. | સાચી વિચારદષ્ટિ. | ( રક્તતેજ ) | ૧૭૩ |
| ૫. | મિથ્યાત્વ અને તેના ભેદો. (૨) | ( પં. શ્રી સુશીલવિજયજી ગણિ ) | ૧૭૪ |
| ૬. | સાચી દીપોત્સવી ઊજવો. | ( મુનિરાજ લક્ષ્મીસાગરજી ) | ૧૭૮ |
| ૭. | રાગ અને દ્વેષ. | ( શ્રી બાલચંદ હીરાચંદ ' સાહિત્યચંદ્ર)" | ૧૮૦ |
| ૮. | સ્વીકાર. | | ૧૮૨ |
| ૯ | વાર્ષિક અનુક્રમણિકા | | ૧૮૪ |


### મુનિમહારાજશ્રી મહોદયવિજયજીનો સ્વર્ગવાસ

પ પૂ. આચાર્ય મહારાજશ્રી વિજયભક્તિસૂરિજીના પ્રશિષ્ય મુનિરાજશ્રી મહોદયવિજયજી મહારાજ આ વર્ષે અત્રે ચાતુર્માસ રહ્યા હતા. દરમિયાનમાં તેઓશ્રીની તબીયત નરમ તો રહેતી. પર્યુષણ પર્વારાધન કરાવવા નિમિત્તે તેઓશ્રી પૂ ઉપાધ્યાયશ્રી સંપતવિજયજી મહારાજશ્રી સાથે કૃષ્ણનગર ઉપાશ્રયે પધાર્યા હતા. જ્યાં તબીયત વિશેષ નરમ થતાં બીજા શ્રાવણ વદ ૦)) ની રાત્રે સમાધિપૂર્વક સ્વર્ગસ્થ થયા હતા. તેઓશ્રીની સ્મશાનયાત્રા ભાદરવા શુદ ૧ના રોજ નીકળી હતી, જે સમયે જનતાએ સારી સંખ્યામાં લાભ લીધો હતો સ્વ. મુનિરાજશ્રીની વૈયાવચ્ચ તેમના ગુરુબંધુ તપસ્વી મુનિરાજશ્રી ભાસ્કરવિજયજીએ સારી રીતે કરી હતી.

સ્વર્ગસ્થ મુનિરાજશ્રી ભદ્રિક સ્વભાવના, માયાળુ અને ધાર્મિક વૃત્તિવાળા હતા. વિ. સં. ૧૯૯૨માં તેઓશ્રીએ મહોત્સવપૂર્વક દીક્ષા સ્વીકરી હતી સ્વ૦ મુનિરાજશ્રીના શ્રેયાર્થે સારું ફંડ થયું હતું તેમાંથી ભા. વ. ૭ થી કૃષ્ણનગર ખાતે પાંચ દિવસનો શ્રી શત્રુંજયની રચનાપૂર્વક મહોત્સવ કરવામાં આવ્યો હતો.

અમે સ્વર્ગસ્થ મુનિરાજશ્રીના આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાઓ તેવી પ્રાર્થના કરીએ છીએ.

### સ્વ. શ્રી પુંજાભાઈ દીપચંદ શેઠ

ગત તારીખ ૨૩મી સપ્ટેમ્બર મંગળવારના રોજ બપોરના એક કલાકે, અમદાવાદખાતે, તેઓશ્રીના નિવાસસ્થાને, ફીકાભટ્ટની પોળમાં હૃદયરોગના હુમલાને કારણે શ્રી પુંજાભાઈ દીપચંદ સ્વર્ગસ્થ થયા છે.

અમદાવાદના કાપડ બજારમાં તેઓશ્રીનું સ્થાન મોભાભર્યું હતું અને પાંચકુવા મહાજનના પ્રમુખ તરીકે તેઓશ્રીએ પાંત્રીશ વર્ષ સુધી એકધારી સેવા બજાવી હતી. તેમના સ્વર્ગવાસને દિવસે મસ્કતી મહાજન તેમજ પાંચકુવા મહાજને બજારો બંધ રાખી સ્વર્ગસ્થ પ્રત્યે માનની લાગણી દર્શાવી હતી.

સત્તર વર્ષની નાની વયે તેઓશ્રીએ વ્યાપારમાં પ્રવેશ કર્યો હતો અને સ્વબુદ્ધિમત્તા અને પુરુષાર્થથી આગળ વધી તેઓ અમદાવાદના આગેવાન વ્યાપારી બન્યા હતા. તેઓમાં ઉચ્ચ ધાર્મિક સંસ્કારો હતા અને તેમાંય પણ જીવદયા તેમને અતિશય વહાલી હતી અને છેલ્લા દશ વર્ષથી અમદાવાદ પાંજરાપોળના પ્રમુખ તરીકે યશસ્વી કારકીર્દી પ્રાપ્ત કરી હતી. તદુપરાંત રેલસંકટ, દુષ્કાળ કે તેવા વિષમ સંયોગોમાં તેઓએ ફક્ત દ્રવ્યસહાય જ કરી હતી એટલું જ નહિં પરંતુ જાતિભોગ પણ આપ્યો હતો; મહત્વના સર્વ તીર્થસ્થળોની તેઓએ યાત્રા કરી હતી. તેઓ વર્ષોથી આપણી સભાના પેટ્રન બન્યા હતા અને સમાજ ઉત્કર્ષમાં સારો રસ ધરાવતા હતા. અમો સ્વર્ગસ્થના આત્માની શાંતિ પ્રાર્થી તેમના આપ્તજનો પરત્વે હમદર્દી દર્શાવીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ ૫૫ મું ] સં. ૨૦૧૪ આસો [ અંક ૧૨

# જ્ઞાનનું મહત્વ

જ્ઞાન એ અંતરનું અજવાળું છે; હૃદયની રોશની છે; જીવનની જળહળતી જ્યોતિ છે. તેના ઉદ્યોત વિના કોઈ પણ વસ્તુ કે વિચારનું કંઇ પણ સ્વરૂપ જાણી શકાતું નથી, તેના પ્રકાશ વિના કોઇ પણ પ્રાણી કે પદાર્થનો કંઇ પણ બોધ થઇ શકતો નથી અને એના ચમકારા વિના કોઈ પણ ક્રિયા કે ઘટનાનું રહસ્ય સમજી શકાતું નથી. તેથી જ જ્ઞાનને તૃતીય લોચન, દ્વિતીય દિવાકર અને પ્રથમ પંક્તિનું ધન માનવામાં આવ્યું છે.

“ જ્ઞાનોપાસના ”માંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુ વીર સમયનું જૈનજીવન

( કલ્યાણ–આશા–સોરઠ–ભૈરવી )

વીર સમયના જૈનજીવનનો હતો જ્વલંત પ્રકાશ !
ઉજ્જ્વલ ! હતો જ્વલંત પ્રકાશ.

તત્ત્વજ્ઞાન ને કર્મયોગના, વિકસ્યા વિવિધ વિકાસ !
ધર્મ નીતિ આચાર સંપ, ઘરઘર શ્રી શારદ વાસ. ઉજ્જ્વલ ૧

તપનો તેજ, સ્ફુરણ સંયમનો, અડગ આત્મવિશ્વાસ,
શૂરવીર સંસારે–ત્યાગે, જ્યાં સ્વાર્પણ શ્વાસોશ્વાસ ! ઉજ્જ્વલ ૨

અંતરાત્મના અવાજ દોર્યા, દોરાયે જયમ દાસ,
સારું તે મારું સિદ્ધાંતે, રાચે રગ રગમાં જ ! ઉજ્જ્વલ ૩

વીર સંતાન રગે રગ ઊછળે, સ્વતંત્રતા ઉચ્છ્વાસ !
સિંહબાળના કેમ સંભવે, વાડા માંહિં વાસ ! ઉજ્જ્વલ ૪

સરળ હૃદયના, વિશુધ્ધ પ્રેમી, અભેદ માર્ગ પ્રવાસ !
**જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ** મંત્રના, હતા ઉપાસક ખાસ. ઉજ્જ્વલ ૫

પક્ષપાત મારા તારાના, વળી વિતંડાવાદ !
ગચ્છભેદ ઈર્ષા ચેલાના, મોહ નહિ વિખવાદ ! ઉજ્જ્વલ ૬

મહાનુભાવ–મહારથી યોદ્ધા, મુસદ્દી ગુણના દાસ,
કુબેરના વૈભવ મહાદાની, અંતઃપુર ઉજાસ. ઉજ્જ્વલ ૭

મુનિવર આચાર્યો મહાજ્ઞાની, હૈયે શાસનદાઝ !
સ્વ–પરસમયના જાણ હતા એ, ભવસર તારણ જહાજ ! ઉજ્જ્વલ ૮

પતિવ્રતા પત્ની સિંહણ શી ? વીરપ્રસૂતા માત !
વીર, ગૌતમ, સ્થૂલભદ્ર સુદર્શન, સુલસા સતી સુજાત ! ઉજ્જ્વલ ૯

શ્રેણિક ચેડા ધર્મ રાજવી, પ્રકટ્યા મહા અમાત્ય !
અભયકુમાર મહાબુધ્ધિબળ, સમકિતભર્યા પ્રતાપ ! ઉજ્જ્વલ ૧૦

અદ્ભુત એ આદર્શ હતા, જગ જૈનજીવનની ઉષા જ !
આજે તિમિરના પડ પથરાયાં, મેઘલ શ્યામ અમાસ ! ઉજ્જ્વલ ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેર, ઝેર ને ક્લેશ દુઃખના, ઉલટ્યાં છે ખશ્વાસ,
સુવર્ણ **જૈનજીવન** ઝંખાયાં, જતો જણાય ઉજાસ. ઉજ્જવલ ૧૨

ભાન ભૂલી, અજ્ઞાને ડૂબી, ભમે શ્રાવિકા આજ !
બળહીન વીર સંતાનો, કરતા દલાલકેરાં કાજ ! ઉજ્જવલ ૧૩

મહાબળી ! હા ! બકાલ બનીયા, ઢીલાં ધોતીયાં હાસ !
જ્ઞાનામૃત પીવું તરછોડી, કાયર શોધે છાશ. ઉજ્જવલ ૧૪

કૈક વીરલા શ્રમણુ શ્રાવકો, બાંધે ધર્મની પાજ !
શાસનસેવા, ધર્મક્રિયા, આ રા ધ ન અર્પે સાજ ! ઉજ્જવલ ૧૫

અબ્જોના વ્યાપારો કરતી, મુસદ્દી કોમ મહાન્ !
આજ વગર વ્યાપારે ફરતી, ભમે બની નિષ્પ્રાણુ ! ઉજ્જવલ ૧૬

વીર સમયનું જૈનજીવન ફરી, પાછું પ્રકટો આજ,
શાસન ઉદય ઉષા **મણિ** પ્રકટો, વીરજન્મ દિન રાજ ! ઉજ્જવલ ૧૭

—**પાદરાકર**

# મધુમક્ષિકે !

( મધમાખનું દૃષ્ટાંત આપી ઉપદેશ આપેલો છે. )

હે કાર્યરત મધુમક્ષિકે ! તુજ ગુણુ ઘણા જગ ગાય છે,
ઉદ્યમતણા આનંદમાં તુજ શ્રમ સુસહ્ય જ થાય છે;
નિજ ચિત્તમાં રહી મસ્ત મુખથી મધુર ગાયન ગાય છે,
ઉદ્યમ કરો અવિરતપણે ઉપદેશ ઈમ સંભળાય છે. ૧

આલસ્યમાં જે કાળ ખોવે વ્યર્થ તસ ભવ જાય છે
તું શીખવે છે જન સહુને એહ સિધ્ધ જ થાય છે
વિશ્રાંતિ નહીં ઘડી એકની શુભ રુચિર કર્મ કરો સદા
ઉપદેશ તારો જે ગ્રહે તસ સફલ જન્મ થશે મુદા ૨

For Private And Personal Use Only

'ગુંજ'ની શ્રુતિમધુર મુખથી ઊચરે આનંદમાં
થઈ મસ્ત તૂં સ્વાનંદમાં શ્રમ ભૂલતી નિજ કાર્યમાં
સંતો કરે પ્રભુ નામનો જપ તન મને ધરી એકતા
ભૂલી જતા નિજને કરી એકાગ્ર ધ્યાને મગ્નતા ૩

ક્ષણક્ષણે કણમિષ્ટ મધુ લઇ રૂચિર સંગ્રહ તૂં કરે
ઈમ વિપુલ ભોજન સાધના સંચય કરીને આદરે
સંતો. કરી શુભ ધ્યાન ધારણ આત્મલક્ષી મેળવે
રહી ધ્યાન અભ્યાસે સદા રત આત્મ સાધન કેળવે ૪

મધુમક્ષિકે ! તું કુસુમરસ મધુબિંદુ લઇ સુખ અનુભવે
પણ કુસુમને નહીં દુભવતા તું આત્મતૃપ્તિ મેળવે
મુનિપુંગવો તારી જ રીતે ગોચરી લેતા ફરે
તુજ રીતિને મધુકરી કહી કોઇ સાર્થ શબ્દો ઉચ્ચરે ૫

સંચય કરે મધુબિંદુઓનો ઘર વિષે ઉદ્યમ કરી
એ લોભવૃત્તિ કાં ધરે ? જગ કુટિલ છે પ્રાયે કરી
કેઇ વંચકો ધરી દુષ્ટ વૃત્તિ તાકતા ઠગવા તને
લૂંટી જશે તુજ સર્વ સંચય રાખ તું એ નિજ મને ૬

જગમાં ન છે ક્ષણનો ભરૂસો આયુનો કલિકાલમાં
પરવંચકે કપટી ફરે છે સર્વથા ઈહ લોકમાં
માટેજ સંતો સિદ્ધ રહેતા ઓળખી જીવન તનુ
સંગ્રહ ન કરતા એક દિનનો વચન માની ઈશનું ૭

મધુમક્ષિકે ! તું લોભ છોડી ન કર સંગ્રહ મધુ તણો
કુસુમો તને નિત તૃપ્ત કરશે રાખે ભરૂસો એહનો
ગુણગાન કર પ્રભુનામનો તું જાપ કરજે ગાઇને
**બાલેન્દુ** વિનવે માન મારું ઉચ્ચરે જગ જોઇને ૮

**શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાચી વિચારદષ્ટિ

લેખક—" રક્તતેજ "

"જૂનું એટલું સારું ને નવું એટલું ખરાબ–આ વિચાર સંકુચિત વૃત્તિમાંથી જન્મેલો છે. નવું એટલું સારું અને જૂનું એટલું ખરાબ–આ વિચાર છીછરા વાંચનમાંથી ઉદ્દભવેલો છે, પરંતુ વિશાળ વાંચન અને ઊંડા ચિંતનમાંથી ઉત્પન્ન થયેલો વિચાર તો એટલો હોઈ શકે કે નવા કે જૂનાને મહત્વ આપ્યા વિના એ બેમાં જે સારું તે મારું "–ચિત્રભાનુ

આજકાલ સમાજ પર દૃષ્ટિ કરીશું તો જીવનના દરેક ક્ષેત્રમાં સંઘર્ષણ અને ઝઘડાનું પ્રમાણ વધી ગયેલું જણાશે. એ ઝઘડાઓમાં પણ મોટે ભાગે જૂના અને નવાનું જ સંઘર્ષણ જણાશે.

કેટલા માણસો માત્ર જૂના વિચારને પકડીને નવા મત ધરાવનાર સાથે વાદવિવાદ ચલાવે છે, તે સંકુચિત વૃત્તિના હોઇ એકાન્ત દૃષ્ટિએ જ વિચાર કરે છે, તેથી નવા મતની અંદર રહેલા સદ્દગુણોને પીછાણી શકતા નથી. એકાન્ત દૃષ્ટિને કારણે 'નવો વિચાર' સાંભળે તો ભડકી ઊઠે છે અને એકદમ તેનો વિરોધ કરવા મંડી પડે છે. હવે જો તે જરા વિશાળ દૃષ્ટિ રાખે અને સહાનુભૂતિથી નવા મત કે વિચારમાં રહેલી સારી વાતનો સ્વીકાર કરે તો આપોઆપ જ સંઘર્ષણ શમી જાય અને સમાજના વિકાસમાં સારો ફાળો આપી શકે.

નવા વિચાર ધરાવનારની પણ લગભગ એવી જ મનોદશા અને એકાન્ત દૃષ્ટિ હોય તો તે પણ જૂના વિચારને ધૂત્કારવા પ્રેરાય છે, અને સૂકા સાથે લીલું બળી જાય તે તેમના ધ્યાન બહાર રહે છે. તેઓ જો જરા ધીરજ રાખી વિચાર કરે, સમાજના વિકાસની દૃષ્ટિએ જૂના વિચાર વિષે સહાનુભૂતિથી ચિંતન કરે તો જરૂર તેમાં રહેલ સત્યાંશ તેમને સમજાય.

આ રીતે જો બન્ને પ્રકારના મત ધરાવનારાઓ સંકુચિત વૃત્તિનો ત્યાગ કરી, ઊંડા ચિંતન દ્વારા સહિષ્ણુતા અને અનેકાન્ત દૃષ્ટિ કેળવે તો સુધરેલ, પ્રત્યાઘાતી, નાસ્તિક, ઉચ્છૃંખલ જૂનવાણી જેવા સંઘર્ષણ જન્માવનાર શબ્દો વાપરવા ન પડે અને સમાજની એકતા કરી વિકાસની અનેક અનુકૂળતા મેળવી શકાય.

આ હકીકત ધ્યાનમાં રાખીને જો દરેક જણ સ્વતંત્ર અને તટસ્થ દૃષ્ટિએ વિચાર કરે તો તેને સત્ય વસ્તુ સમજાય. કોઇ વિચાર માત્ર જૂનો છે કે નવો છે અથવા કોઈ વિચાર જૂના વિચાર ધરાવનારે રજૂ કર્યો છે કે નવા વિચારવાળાએ એમ વિચારવાને બદલે, તે વિચાર સમાજનો વિકાસ કરી શકશે કે નહિ અને તે વિચારથી સમાજની પ્રગતિ કેટલી થશે એ હકીકત ધ્યાનમાં લઇ તેને અંગે અભિપ્રાય બાંધવો જોઈએ અથવા તેવા અભિપ્રાયને પ્રગટ કરવા જોઇએ.

આ રીતે વિચાર કરવામાં આવે તો સમાજમાં એકતા સ્થપાય અને જુદા જુદા વિચાર ધરાવનારાઓ સાથે મળીને સમાજહિતનું કાર્ય કરી શકે, તેમજ સંઘર્ષણ અને ખોટા ઝઘડા સમાજમાંથી દૂર થાય અને સમાજ તંદુરસ્ત, દૃઢ, વિચારશીલ અને વિકાસશીલ બને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મિથ્યાત્વ અને તેના ભેદો

પંન્યાસશ્રી સુશીલવિજયજી ગણિ

( ગતાંક પૃષ્ઠ ૧૫૨ થી ચાલુ )

### [ છ પ્રકારે ]

મિથ્યાત્વ લૌકિક દેવગત, લૌકિક ગુરુગત, લૌકિક પર્વગત, લોકોત્તર દેવગત, લોકોત્તર ગુરુગત અને લોકોત્તર પર્વગત એમ છ પ્રકારે છે.

(૧) લૌકિક દેવગત મિથ્યાત્વ.

(૨) લૌકિક ગુરુગત મિથ્યાત્વ.

(૩) લૌકિક પર્વગત મિથ્યાત્વ,

(૪) લોકોત્તર દેવગત મિથ્યાત્વ.

(૫) લોકોત્તર ગુરુગત મિથ્યાત્વ અને

(૬) લોકોત્તર પર્વગત મિથ્યાત્વ.

(૧) રાગદ્વેષ ને મોહાદિક મહાદોષવડે પરાજિત એવા લૌકિક દેવોને મહાદેવ તરીકે માનવા અને પૂજવા તથા તેમણે પ્રવર્તાવેલા ધર્મને જે અનુસરવું તે 'લૌકિક દેવગત મિથ્યાત્વ' કહેવાય છે.

અર્થાત બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, આસપાલ, ગણુપતિ, ગોત્રદેવતા, પાદરદેવતા, ગ્રહપૂજા, વિનાયક, હનુમંત, સુગ્રીવ, વાલીનાહ અને ક્ષેત્રપાળ વગેરે લૌકિક દેવ–દેવીનું જે પૂજનાદિક કરવું તે 'લૌકિક દેવગત મિથ્યાત્વ' જાણુવું.

(૨) ગુરુના ગુણુરહિત એવા અન્ય દર્શનીઓના ધર્મગુરુઓને ગુરુ તરીકે માનવા, તેમના ઉપદેશાદિક સાંભળવા અને તેમની પ્રશંસા પ્રમુખ જે કરવી તે 'લૌકિક ગુરુગત મિથ્યાત્વ' કહેવાય છે.

અર્થાત્ બૌદ્ધ, સાંખ્યાદિક સંન્યાસી, જોગી, વૈરાગી, ભગત, ભરડા, લિંગીયા, જોગીયા, જંગમ, તાપસ, બાવા, ફકીર, દરવેશ અને વિપ્ર વગેરે લૌકિક ગુરુઓને માનવા પૂજવા અને સત્કારાદિ કરવા તે લૌકિક ગુરુગત મિથ્યાત્વ જાણુવું.

(૩) પૌદ્ગલિક સુખની અભિલાષાવાળી વ્યક્તિએ પ્રવર્તાવેલ હોળી, બળેવ, માહિપૂનમ, અજાપડવો, પ્રેતબીજ, ગીરીત્રીજ, વિનાયક ચોથ, નાગપાંચમી, ઝીલણુછઠ્ઠી, શીતળા સાતમી, ધ્રુવ આઠમી, નોલી નવમી, અહવા દશમી, વ્રત અગિયારશી, વચ્છ બારશી, ધનતેરશી, અનંત ચતુર્દશી, અમાવાસ્યા, આદિત્યવાર, ઉત્તરાયણુ, શ્રાદ્ધ અને સંવચ્છરી વગેરે લૌકિક પર્વોને જે માનવાં તે 'લૌકિક પર્વગત મિથ્યાત્વ' કહેવાય છે.

(૪) આ લોક અને પરલોકના પૌદ્ગલિક સુખની ઇચ્છાએ સર્વથા દોષ રહિત (એટલે અઢાર દોષ રહિત) એવા અરિહંત પરમાત્માને માનવા અને પૂજવા, તથા તેમની યાત્રાના નિયમો વગેરે જે રાખવા તે 'લોકોત્તર દેવગત મિથ્યાત્વ' કહેવાય છે.

અર્થાત્ 'હે પ્રભો! જો ધારેલ મારું અમુક કાર્ય સિદ્ધ થશે તો હું શ્રીફળ ચઢાવીશ, સ્નાત્ર ભણુાવીશ, નિત્ય દર્શન, દીપક અને અષ્ટપ્રકારી પૂજા પ્રમુખ પણુ કરીશ' ઇત્યાદિ સાંસારિક સુખને અર્થે જે માનતા કરવી તે 'લોકોત્તર દેવગત મિથ્યાત્વ' જાણુવું.

અથવા 'હે પ્રભો! મારા વિવાહાદિ કાર્ય દુર્લભ હતાં. તે પણુ આપે જ સિદ્ધ કર્યાં છે. હવે આપ

For Private And Personal Use Only

મારા પુત્રને તથા પુત્રવધૂને ક્ષેમકુશળ રાખજો ' ઇત્યાદિ વિવિધ પ્રકારે સ્તુતિ–સ્તવનાદિ જે કરવાં તે પણ **'લોકોત્તર દેવગત મિથ્યાત્વ'** જાણવું.

અથવા લોકોત્તર દેવમાં લૌકિક દેવનાં ચિહ્નો આરોપણ કરવા, અને લૌકિક દેવની જેમ લોકોત્તર દેવ પાસે કહેવું કે-' પ્રભો ! આપ જ સુખદુઃખના દેનારા છો, આપની ઇચ્છાનુસાર જ સુખદુઃખ પ્રાપ્ત થાય છે ' ઈત્યાદિ. આ રીતે જે બોલવું તે પણ **' લોકોત્તર દેવગત મિથ્યાત્વ '** સમજવું.

અથવા પરતીર્થિકોએ ગ્રહણ કરેલ જિનમૂર્તિને વંદન–પૂજનાદિક કરવાથી, સાધુઓએ જિનમંદિરમાં નિવાસ કરવાથી, રાત્રીએ પ્રભુની સ્નાત્રાદિક પૂજા કરવાથી પણ **'લોકોત્તર દેવગત મિથ્યાત્વ'** સમજવું.

અથવા લૌકિક દેવના મંદિરની જેમ શ્રી જિનેશ્વર દેવના મંદિરમાં પણ તંબોલાદિકનું ભક્ષણ કરવાથી, જળક્રીડા કરવાથી, હીંચકા ખાવાથી, નાટકાદિક જોવા વગેરેથી પણ **' લોકોત્તર દેવગત મિથ્યાત્વ '** જાણવું.

**(૫) શુદ્ધજ્ઞાન, શુદ્ધદર્શન અને શુદ્ધચારિત્રવાન્ એવા મુનિમહારાજને આ લોક અને પરલોકના સુખની અભિલાષાથી જે વાંદવા–પૂજવા કે પ્રતિલાભવા તે 'લોકોત્તર ગુરુગત મિથ્યાત્વ** કહેવાય છે.'

અથવા પાસસ્થાદિક વેશધારી શિથિલાચારીઓને ગુરુબુદ્ધિથી માનવા, વાંદવા, પૂજવા કે પ્રતિલાભવા તે પણ **'લોકોત્તર ગુરુગત મિથ્યાત્વ'** કહેવાય છે.*

**(૬) ઓળી, આઠમ, ચૌદશ અને જિનકલ્યાણકાદિ** લોકોત્તર પર્વને આલોક અને પરલોકના સુખને અર્થે આરાધવા ને માનવા તે. અર્થાત્ તે દિવસે ઉપવાસ, આયંબિલ અને એકાશનાદિ જે તપ કરવું તે **'લોકોત્તર પર્વગત મિથ્યાત્વ'** કહેવાય છે.

[ દશ પ્રકારે– ]

[૧] અધર્મમાં ધર્મ સંજ્ઞા, [૨] ધર્મમાં અધર્મ સંજ્ઞા, [૩] ઉન્માર્ગમાં માર્ગસંજ્ઞા, [૪] માર્ગમાં ઉન્માર્ગ સંજ્ઞા, [૫] અજીવમાં જીવ સંજ્ઞા, [૬] જીવમાં અજીવ સંજ્ઞા, [૭] કુસાધુમાં સુસાધુ સંજ્ઞા, [૮] સુસાધુમાં કુસાધુસંજ્ઞા, [૯] અમુક્તમાં મુક્તસંજ્ઞા અને [૧૦] મુક્તમાં અમુક્ત સંજ્ઞા.

આ રીતે મિથ્યાત્વ દશ પ્રકારે છે.

તે આ રીતે—

(૧) વેદવાક્યો શુભ લક્ષણશૂન્ય હોવાથી અનાગમ છે, છતાં એમાં ધર્મ એટલે આગમબુદ્ધિ જે રાખવી તે **અધર્મમાં ધર્મ સંજ્ઞા જાણવી. અર્થાત્ હિંસાદિકરૂપ અધર્મને ધર્મરૂપ માની દેવ કે**

---

* લોકોત્તર ગુરુગત મિથ્યાત્વ પણ પક્ષાંતરે પૂર્વાચાર્યોએ કહ્યું છે કે—

जे लोगुत्तमलिंगा, लिंगिअदेहावि पुप्फतंबोलं ।
आहाकम्मं सव्वं, जलं फलं चेव सचित्तं ॥ १ ॥
भुंजंति थीपसंगं, ववहारं गंथसंगहं भूसं ।
एगागित्त भमणं, सच्छंदविहिअं वयणं ॥ २ ॥
चेइअमठाइवासं, वसहीसु निच्चमेव संठाणं ।
गेअ निअवरनाणडभ्भावणमवि कणयकुसुमेहिं ॥ ३ ॥
तिविहं तिविहेणय, मिच्छत्तं वज्जियं जहिं दूरं ।
निच्छयउ ते सड्ढा, अन्ने उण नामओ चेव ॥ ४ ॥

ભાવાર્થ :—" જે લોકોત્તર લિંગવાળા ( સાધુ ) યતિવેષ ધારણ કર્યા છતાં પુષ્પ, તંબોલ, આધાકર્મી સર્વ-વસ્તુ તથા સચિત્ત જળ અને ફળ ખાય. તથા સ્ત્રીપ્રસંગ કરે, વ્યાપાર કરે, દ્રવ્યાદિકની ગાંઠડીઓ બાંધે, વીંટી વગેરે આભૂષણ ધારણ કરે, એકલા ભમે, સ્વચ્છંદપણે વર્તે, મરજી પ્રમાણે વચન બોલે, ચૈત્યમાં મઠવાસીની જેમ રહે, વસતીમાં હમેશાં સ્થિતિ કરે, ગાયનમાં પોતાનાં વખાણ ગવરાવે અને સોનૈયાવડે તથા પુષ્પોવડે પોતાની પૂજા કરાવે.

આ પ્રમાણે મિથ્યાભાવમાં વર્તતા વેષધારી સાધુઓને જે ત્રિવિધે ત્રિવિધે દૂરથી જ વર્જે છે, તેઓ નિશ્ચે ખરેખર શ્રાવક છે; તે સિવાય બીજા તો માત્ર નામના જ શ્રાવક છે.

[ ઉપદેશપ્રાસાદ ભાષાંતર–ભાગ ૪ થો—સ્થંભ ૧૭ મો. વ્યાખ્યાન ૨૫૩ માંથી. ]

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવી પાસે અથવા યજ્ઞપ્રસંગે પશુવધાદિક કરાવવા તે અર્થાત્ 'અધર્મને ધર્મ માનવો' એ મિથ્યાત્વ છે.

(૨) સકલ કર્મનો વિનાશ કરનાર અને વિશુદ્ધ સમ્યક્ત્વ પ્રાપ્ત કરાવનાર એવા આપ્ત પુરુષના વચનમાં અધર્મની એટલે અનાગમની જે બુદ્ધિ રાખવી તે **ધર્મમાં અધર્મ સંજ્ઞા** સમજવી.

અથવા એમ બોલવું કે-

'સમસ્ત પુરુષો અમારી જેવા જ છે, સર્વ રાગાદિ સહિત જ છે, અને કોઇ સર્વજ્ઞ નથી. ઈત્યાદિ અનુમાન પ્રમાણુથી કોઈપણુ આપ્ત નથી.' એવી કુયુક્તિપૂર્વક આપ્તપ્રણીત આગમમાં જે અનાગમ બુદ્ધિ રાખવી તે. અર્થાત્ **'ધર્મને અધર્મ માનવો'** એ મિથ્યાત્વ છે.

(૩) મોક્ષનગરનો માર્ગ એટલે સત્ય વસ્તુ તત્ત્વની અપેક્ષાએ વિપરીત શ્રદ્ધા સહિત જે જ્ઞાન અને ક્રિયા કરવી તે ઉન્માર્ગ કહેવાય છે. તેમાં જે માર્ગ બુદ્ધિ રાખવી તે **'ઉન્માર્ગમાં માર્ગ સંજ્ઞા'** જાણુવી.

અર્થાત્ 'સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ ક્રિયાને અપનાવ્યા વિના કદી પણુ મોક્ષનો માર્ગ મળતો નથી જ' એમ સમજવા છતાં પણુ આપમતે તેનું ખંડન કરવું અને સત્યમાર્ગને ઉન્માદ કહેવો તે. અર્થાત્ **'ઉન્માર્ગને માર્ગ માનવો'** એ મિથ્યાત્વ છે,

(૪) મોક્ષનગરના માર્ગમાં એટલે શુદ્ધ શ્રદ્ધાવડે જ્ઞાન અને ક્રિયા કરવામાં ઉન્માર્ગપણાની જે બુદ્ધિ રાખવી તે **માર્ગમાં ઉન્માર્ગ સંજ્ઞા** સમજવી.

અર્થાત્ એકાન્તજ્ઞાન કે એકાન્ત ક્રિયાથી જ આત્માની મુક્તિ છે' એવા ઉન્માર્ગને માર્ગ માની તેની જે પુષ્ટિ કરવી તે. અર્થાત્ **માર્ગને ઉન્માર્ગ માનવો** એ મિથ્યાત્વ છે.

(૫) અજીવમાં એટલે આકાશ, પરમાણું આત્મામાં જીવ છે એમ માનવું, આ શરીર જ આત્મા છે એમ માનવું. અથવા પૃથ્વી, પાણી, પવન, અગ્નિ, યજમાન, આકાશ, ચંદ્ર અને સૂર્ય એ આઠ મહાદેવની મૂર્તિઓ છે વગેરે જે માનવું તે **અજીવમાં જીવ સંજ્ઞા** જાણુવી.

અર્થાત્ આકાશમાં રહેલાં કેટલાએક નિર્જીવ પુદ્ગલોને સજીવ માનવા તે. અર્થાત્ **અજીવને જીવ માનવો** એ મિથ્યાત્વ છે.

(૬) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ વગેરે સજીવમાં નિર્જીવ ઘટ વગેરેની જેમ ઉચ્છ્વાસાદિ જીવના ધર્મ જણાતા નથી, માટે તે સર્વે અજીવ છે; એવા પ્રકારની યુક્તિવડે જીવમાં અજીવ બુદ્ધિ જે રાખવી તે **જીવમાં અજીવ સંજ્ઞા** સમજવી.

અર્થાત્ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ વગેરે સજીવને નિર્જીવ જડ સ્વરૂપ જણાવવા તે. અર્થાત્ **જીવને અજીવ માનવો** એ મિથ્યાત્વ છે.

(૭) ષટ્કાય ( પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય ) જીવની હિંસામાં પ્રવર્તેલા અસાધુમાં સાધુબુદ્ધિ જે રાખવી તે **અસાધુમાં સાધુ સંજ્ઞા** જાણુવી.

અર્થાત્ ઉન્માર્ગગામી-માર્ગભ્રષ્ટ થયેલા એવા અસાધુને સ્વાર્થવશ થઇ સાધુ માનવા તે. અર્થાત્ **અસાધુને સાધુ માનવા** એ મિથ્યાત્વ છે.

(૮) 'આ સાધુ પુત્ર રહિત હોવાથી તથા સ્નાન વગેરે નહિં કરતા હોવાથી તેમની સદ્ગતિ નથી' ઇત્યાદિ કુતર્ક કરી પંચમહાવ્રતના ધારક ષટ્જીવનિકાયના રક્ષક અને સમિતિ ગુપ્તિના પાલક એવા સુસાધુમાં અસાધુ બુદ્ધિ જે રાખવી તે **સાધુમાં અસાધુ સંજ્ઞા** સમજવી.

અર્થાત્ શુદ્ધ માર્ગગામી એવા સાધુ મહાત્મા પાસે પોતાનો તુચ્છ સ્વાર્થ નહીં સરવાથી તેમને જે અસાધુ માનવા તે. અર્થાત્ **સાધુને અસાધુ માનવા** એ મિથ્યાત્વ છે.

(૯) 'અણિમાદિ અષ્ટસિદ્ધિના ઐશ્વર્યને પામેલા એવા કુશળ પુરુષો સર્વદા આનંદમાં વર્તે છે, તેઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ મુક્ત-નિવૃત્તાત્મા છે અને તેઓ જ આ દુસ્તર સંસાર-સાગરને તરી ગએલા છે' ઇત્યાદિ જે માનવું તે અમુક્તમાં મુક્ત સંજ્ઞા સમજવી.

અર્થાત્ કર્મવાન્ અને લૌકિક વ્યવહારમાં પ્રવર્તેલા એવા અમુક્ત જીવોને મુક્ત માનવા તે. અર્થાત્ અમુક્તને મુક્ત માનવા એ મિથ્યાત્વ છે.

(૧૦) સકલ કર્મથી રહિત તથા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંતવીર્યવાન્ એવા મુક્ત જીવોને જે અમુક્ત માનવા તે અમુક્તમાં મુક્ત સંજ્ઞા જાણવી. અર્થાત્ મુક્તને અમુક્ત માનવા એ મિથ્યાત્વ છે.

આ રીતે મિથ્યાત્વના અનેક ભેદો શાસ્ત્રકાર મહર્ષિઓએ જણાવેલા છે. આ સિવાય મિથ્યાત્વના એકવીશ ભેદો તથા વિધિકૌમુદીમાં તોંતેર ભેદો પણ કહેલા છે. વિશેષ જિજ્ઞાસુએ તે તે ગ્રંથોમાંથી જાણી લેવા.

## મિથ્યાત્વની ચઉભંગી

(૧) અનાદિ અનંત, (૨) અનાદિ સાંત, (૩) સાદિ અનંત અને (૪) સાદિ સાંત. આ રીતે મિથ્યાત્વની ચઉભંગી છે. તેમાં પહેલો અનાદિ અનંત ભાંગો આ રીતે છે—

અભવ્ય જીવોને વિપરીત રુચિરૂપ મિથ્યાત્વ અનાદિ અનંત હોય છે.

પ્રશ્ન—શાથી અનાદિ અનંત હોય છે?

ઉત્તર—અભવ્ય આત્માને મિથ્યાત્વ અનાદિકાળથી લાગેલું છે. અને તેનો હવે પછી ગમે તેટલી ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળ પસાર થાય છતાં કોઈ પણ કાળે અંત આવનાર જ નથી, માટે અભવ્યને મિથ્યાત્વ અનાદિ અનંત હોય છે.

બીજો અનાદિ સાંત ભાંગો આ રીતે છે—

ભવ્ય જીવોને મિથ્યાત્વ અનાદિ સાંત હોય છે.

પ્રશ્ન—શાથી અનાદિ સાંત હોય છે?

ઉત્તર—ભવ્ય આત્મા પણ અનાદિ કાળથી મિથ્યાદૃષ્ટિ હોય છે, છતાં તે ભવ્ય હોવાથી કોઈ પણ કાળે તે સમ્યક્ત્વ-સમકિત પામી શકે છે. અને જ્યારે તે આત્મા સમકિત પામે ત્યારે તે સમયે મિથ્યાત્વનો અંત થાય, એ અપેક્ષાએ અનાદિ સાંત ભાંગો ઘટી શકે છે. આથી જ એ અનાદિ સાંત ભાંગો જણાવેલ છે.

ત્રીજો સાદિ અનંત ભાંગો આ રીતે છે—

અનાદિ મિથ્યાદૃષ્ટિ ભવ્ય પ્રાણી સમ્યક્ત્વ પામ્યા પછી કોઈ પણ કારણથી પુનઃ મિથ્યાત્વ પામે, તે અપેક્ષાએ સાદિ અનંત ભાંગો જણાવેલ છે, પરંતુ આ ભાંગો કોઈ પણ જીવને લાગુ પડી શકતો નથી, તેથી તે શૂન્ય જ સમજવો.

પ્રશ્ન—શાથી સાદિ અનંત ભાંગો ઘટી શકતો નથી?

ઉત્તર—સાદિ મિથ્યાત્વ ભવ્ય જીવોને જ હોઈ શકે છે, અભવ્ય જીવોને નહિં. તેથી કરીને તે સાદિ મિથ્યાત્વ અનંત થઈ શકે નહિં, કારણ કે અર્ધપુદ્ગલપરાવર્તમાં તો તેનો અવશ્ય અંત જ થાય, માટે ત્રીજો સાદિ અનંત ભાંગો કોઈ પણ જીવ આશ્રયીને ઘટી શકે નહિં અર્થાત્ તે શૂન્ય જ છે.

ચોથો સાદિ સાંત ભાંગો આ પ્રમાણે છે—

અનાદિ મિથ્યાદૃષ્ટિ ભવ્ય જીવ સમકિત પામ્યા પછી કોઈ પણ કારણથી ફરીને તે મિથ્યાત્વ પામે, તો તેને તે મિથ્યાત્વ (સમકિત પામ્યા પછીથી થયેલું) સાદિ થયું. આ મિથ્યાત્વમાં જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અર્ધ પુદ્ગલપરાવર્ત પર્યંત રહીને પુનઃ જ્યારે સમકિત પામે ત્યારે તે સાદિ મિથ્યાત્વ સાંત થયું. તેથી તે ભવ્ય જીવને સાદિ સાંત મિથ્યાત્વ સમજવું. આ રીતે સાદિસાંત મિથ્યાત્વનો ચોથો ભાંગો ઘટી શકે છે.

## મિથ્યાત્વના ઉદાહરણો—

(૧) અંગારમર્દકાચાર્ય, સંગમ દેવ, પાપી પાલક, કાલિકસૌકરિક કસાઈ અને કપીલા દાસી વગેરે અભવ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### હૃદયમાં જ્ઞાનદીપક પ્રગટાવી
# સાચી દીપોત્સવી ઊજવો.

મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ

**દિ**વાળીનો દિવસ એટલે દીપાવલીનો મહોત્સવ. દીપકો સર્વત્ર પ્રકાશ ફેલાવે છે અને માનવ માત્રમાં દુન્યવી નિવાસસ્થાનોમાં તેજપુંજ રેલાય છે. પ્રકાશ અંધકારનો વિનાશ કરનાર વિજયવંત જ્યોતિ છે. પ્રકાશનું આગમન થતાં જ અંધકાર ભયગ્રસ્ત બની ભાગી જાય છે. પ્રકાશ દૈવી છે. પ્રકાશ ઉલ્લાસ ને આનંદનું વાતાવરણ જમાવે છે. એટલે દીપાવલી સૃષ્ટિમાં અને સૃષ્ટિ પરના મનુષ્ય જીવનમાં જ્યોતિ ભરી દે છે અને દિવ્યત્વ પ્રસરાવે છે. દૈવી પ્રકાશનું એ પ્રતીક છે. માટીની માયાભર્યા આ જગતમાં જે આત્માનંદ છે, સાચો અંતર્ગત આનંદ છે, તેની દીપાવલી મનોરમ સ્મૃતિ છે. દીપાવલી પ્રકાશનું આગમન અને અંધકારનું નિર્ગમન છે. અજ્ઞાનાંધકાર ઉપર આત્મીય જ્યોતિએ મેળવેલો એ વિજય છે. પ્રકાશ દિવ્યત્વનું પ્રતીક છે. અજ્ઞાન અને તમસનો વાસ હંમેશા અંધકારમાં હોય છે. આત્મા પ્રાણ જ્યોતિ છે. આ મહાપ્રકાશનાં કિરણ સત્ય, જ્ઞાન. અનન્ત સત, મોક્ષ શુભ, સુંદર અનેકાન્ત સ્વરૂપે અસ્તિત્વ ધરાવે છે, જ્ઞાન, પ્રેમભાવના અને પવિત્રતા અને નિજાનંદસ્વરૂપે એ પ્રગટી રહે છે. એટલે જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં જ્ઞાન, પવિત્રતા, પ્રેમ, સત્ય, આનંદ અને ભલાઇનો પ્રચાર થાય ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે સાચી દીપાવલીનો મહોત્સવ ઊજવાય છે. ઐહિક જીવનમાં જ્યારે આ સદ્દગુણોનો પ્રચાર થાય છે ત્યારે જ આત્મના સાચા સ્વરૂપનું ભાન થાય છે. ત્યારે જ આત્માની દિવ્ય જ્યોતિથી સર્વસ્વ પ્રકાશવંતું બની જાય છે. અન્ય જીવનને પ્રકાશવંતું બનાવનાર

---

જીવોના ઉદાહરણો–દષ્ટાંતો મિથ્યાત્વના પહેલા અનાદિ અનંત ભાંગાના સમજવા.

(૨) તીર્થંકરાદિ ભવ્ય જીવોના ઉદાહરણો–દષ્ટાંતો મિથ્યાત્વના બીજા અનાદિ સાંત ભાંગાના સમજવા.

(૩) મિથ્યાત્વનો ત્રીજો સાદિ અનંત ભાંગો કોઇમાં પણ ઘટી શકતો ન હોવાથી અર્થાત્ શૂન્ય હોવાથી તેનું એક પણ ઉદાહરણ–દષ્ટાંત નથી.

(૪) સંસારમાં પરિભ્રમણ કરતા એવા અનેક ભવ્ય જીવોના ઉદાહરણો–દષ્ટાંતો મિથ્યાત્વના ચોથા સાદિ સાંત ભાંગાના સમજવા.

### ઉપસંહાર—

સંસારમાં પરિભ્રમણ કરાવનાર, ચોરાશી લાખ જીવાયોનિમાં રઝળાવનાર, અધઃપાતના ઊંડા ગર્તમાં પટકનાર, અજ્ઞાનના ઘનઘોર અંધારામાં છૂપાવનાર, અને સન્માર્ગથી વંચિત રાખનાર એવા આ મિથ્યાત્વના યોગે જીવને પાપકર્મનો બંધ પડે છે અને તેને લઇને અનંતકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે; માટે હે જીવો! હે ભવ્ય પ્રાણીઓ! તેનાથી ચેતતા રહો અને શીઘ્ર તેનો વિનાશ કરવા કટિબદ્ધ બનો!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરેક વિચાર, દરેક ઉચ્ચાર અને દરેક આચાર તે જ સાચો દીપક. એવા દીપકોથી જ દીપાવલી રચાય. દાખલા તરીકે એક હોસ્પીટલમાં દુ:ખી દર્દીના વદન પર પુષ્પવિહાર અને મીઠાં વચનથી ઉલ્લાસનું સ્મિત રેલાય એ જ દીપાવલી. કોઈ દુ:ખી ગર્તામાં ડૂબેલા માનવી આગળ પ્રેરણાત્મક પુસ્તકનું વાંચન થાય, એના આળા હૈયાને સાન્ત્વન મળે એ જ સાચી દીપાવલી. અજ્ઞાનનો અંધકાર દૂર થાય અને જગતની માયા ભેદાય તો જ સાચી દિવાળી. ચાલુ સાધનારૂપી ઇન્ધન પૂરું પાડી આ આત્મીય જ્યોતિને જીવન્ત રાખીએ તો જ દીપાવલી મહોત્સવ સાર્થક થયો લેખાય. આત્મધ્યાન જપ, તપ, પ્રભુભજન વગેરે ચાલુ આધ્યાત્મિક કાર્યો દ્વારા જ આ આધ્યાત્મિક જ્યોતિ જલતી રાખી શકાય. શ્યામ પડી જતાં આત્મા પર ચળકાટ આણવા એ પોલીશ છે. સેવારૂપી પોલીશથી એ દિવ્યજ્યોતિ ચળકતી રહે છે. બ્રહ્મકર્મયોગ આંતરિક દિપાવલીની જ્યોતિનું સંરક્ષણ કરે છે. તમસરૂપી કાટ એના પર વળવા દેતો નથી. અને અપવિત્ર દૈહિક વિષય વાસનાઓ નિવારે છે. વૈરાગ્ય અને વિચારદ્વારા આ આધ્યાત્મિક જ્યોતિ ચિરંજીવ રાખવાનો છે.

દિવાળીના દિવસે પ્રગટતી દીપાવલી આત્માનું સ્મરણ છે. દિલના ખૂણે ખૂણાને અજવાળી દેતો પ્રકાશ એ જ આત્મા. એ આત્મજ્યોતિના અસ્તિત્વનો સાક્ષાત્કાર એ જ માનવદેહીના જીવનનું સાર્થક્ય. એ આત્મજ્યોતિના પ્રકાશમાં હરવુંફરવું અને જીવનને એમાં તન્મય બનાવી દેવું, એ આંતરિક આધ્યાત્મિક પ્રકાશથી માનવજીવન તેજોમય કરવું, ત્યારે જ દીપાવલી સુંદર ને સંપૂર્ણ રીતે ઊજવી લેખાય, ત્યારે જ દીપાવલી મહોત્સવ સાર્થક થયો ગણાય. દીપાવલીનો સાચો આદર્શ એ જ.

સત્ય, સ્નેહ અને પવિત્રતાના પ્રકાશથી આત્માના અણુંએ અણુંને અજવાળી દેવા જોઇએ. આત્મજ્યોતિથી અખંડ પ્રકાશ પ્રાપ્ત કરવો ઘટે વિચાર, ભાવના, વાચા, કર્મ એ આત્મજ્યોતિથી ભરી દેવાં જોઇએ. પવિત્રતાની શ્વેત જ્યોતિથી માનવના વિચાર માત્ર ચમકી ઊઠવા જોઇએ. હૈયામાં પ્રગટ થએલા ને સમગ્ર સૃષ્ટિમાં વ્યાપી ગએલા જ્યોતિ પ્રકાશથી ભાવના ને લાગણીઓ તેજોમય બની જવાં જોઇએ. વાણીને પણ એવી બનાવવી રહી કે પ્રેક્ષકો પણ એ પુણ્ય જ્યોતિનો સાક્ષાત્કાર કરી રહે. વચનો પણ એવાં જોઈએ કે અન્યના જીવન આનંદથી અજવાળાઇ જાય. દિલ દિલમાં ધૈર્ય ને ઊલ્લાસ પુરાય.

માનવ માત્રનું એકે એક કૃત્ય કર્મની સાચી ભાવનાના ઝબકારાથી દીપી ઉઠે. ગૌતમ કેવળજ્ઞાન અને ધન્ય અમાવાસ્યા, ધન્ય દિવાળી અને તે જ વખતે મહાવીરપ્રભુનું નિર્વાણ દિવ્ય જ્યોતિથી ચમકી રહે.

ભય, નિરાશા, હતાશા, નિર્બલતા અને ભયગ્રસ્ત દશાતમસનાં સ્વરૂપી છે. એનો વાસ કેવળ અંધકારમાં જ છે. દીપાવલીના સુરમ્ય દિવસે તમસાંધકારને નિર્મૂળ કરવો ને પવિત્ર સત્યના સાચા અનંત ઓજસથી જ્યોતિર્મય બની જવું, ધૈર્યશીલ થવું, આશાવાદી રહેવું ને ઊમંગી અને મજબૂત નિશ્ચય ધરાવતા બનવું આ આનંદભર્યા મહામંગલના દિવસે સાચી દીપાવલી ક્યારે બને કે રાગ દ્વેષને તજી દીધાં હોય ત્યારે. આધ્યાત્મિક વ્યક્તિત્વ જમાવવું, આત્મીય દીવાદાંડીથી તેજરેખાઓ ફેંકી દુન્યવી જીવનનો વિષાદ નાબૂદ કરવો, દિપાવલીનો આ સાચો દીપકનો મતમતાંતરના અંધકારને દૂર કરીને અને હૃદયમાં જ્ઞાનદીપક પ્રગટાવીને સાચો દીપાવલી મહોત્સવ ઊજવો અને આત્માનું સાર્થક કરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાગ અને દ્વેષ

સાહિત્યચંદ્ર શ્રી બાલચંદ હીરાચંદ

કોઈ પણ વસ્તુ કે કાર્ય જ્યારે આપણને ગમે છે, વહાલું લાગે છે, એને મેળવવા આપણા મનમાં પ્રેમ જાગે છે અને તે મેળવવા આતુરતા ઉત્પન્ન થાય છે ત્યારે તે મેળવવા માટે આપણે ગમે તેવા કઠણ જણાતા કામો પણ કરવા લલચાઈએ છીએ. અને સારાસાર વિચાર કરવાનું પણ આપણે ભૂલી જઈએ છીએ. અને ગમે તેમ કરી તે વસ્તુ મેળવવા આપણે મથીએ છીએ. એને જ રાગ કહેવાય છે. એટલે જ રાગ એટલે મોહ! રાગ જ્યારે પોતાનો અડ્ડો જમાવી મનુષ્યને પોતાના તાબે કરી લે છે ત્યારે માણસ છતી આંખે જોઈ શકતો નથી. તેથી જ તેને રાગાંધતા કહેવાય છે. જે વસ્તુ ઉપર આપણને રાગ જામી જાય છે તે વસ્તુના અનંત દોષો પણ આપણે જોઈ શકતા નથી. ઊલટું તે દોષોને જ આપણે ગુણોના આચ્છાદનો ચઢાવીને તેને ઢાંકવા આપણે તનતોડ મહેનત કરીએ છીએ. અને તેને રૂડા નામાભિધાનો આપી તે વસ્તુ સુંદર અને નિર્દોષ નહીં પણ ગુણસંપન્ન છે એમ મનાવવા પ્રયત્નશીલ થઈએ છીએ. કોઈ વખત એ વસ્તુના દોષો ઉપર તરી આવે છે અને મનને ઘૃણા ઉત્પન્ન કરે છે ત્યારે આપણે ગમે તેવા પ્રયત્નો કરી તે દોષો ઢાંકવા પ્રયત્ન કરીએ છીએ. મોહાંધતા કે રાગાંધતા આવી હોય છે.

દ્વેષ એ કોઈ સ્વતંત્ર વસ્તુ નથી. દ્વેષ એ રાગની જ પ્રતિક્રિયા છે. રાગ હોય તો જ દ્વેષનું અસ્તિત્વ શક્ય બને છે. જે વસ્તુ ઉપર આપણને રાગ હોય છે તે વસ્તુ મેળવવામાં જે વિઘ્નકર્તા છે એવું આપણને જણાય છે તે વસ્તુ તરફ આપણો દ્વેષ જાગે છે. આડે આવતી વ્યક્તિ કે ઘટનાઓ માટે આપણે તિરસ્કાર જાગે છે અને અંતે તે તરફ દ્વેષ ઉત્પન્ન થાય છે. અને આપણી લાગણી વધુ ને વધુ દ્વેષ ધારણ કરવા માંડે છે. અને અંતે રાગ કરતા દ્વેષની માત્રા વધતી જાય છે. અને એ દ્વેષની પરિણતિ અહંકાર અને ક્રોધ ઉત્પન્ન કરે છે. અને ક્રોધ એવી વસ્તુ છે કે તે જ્યારે આપણા મનનો પણ કબજો લે છે ત્યારે સત્યાસત્ય, ધર્માધર્મ, નીતિઅનીતિ, શુચિતા કે અશુચિતાનું ભાન આપણને રહેતું નથી. અને ક્રોધ ગમે તેવી કઠોરતા, ગમે તેવું પાપ માણસના હાથે કરાવે છે. કોઈ વખત એ દ્વેષની પરિણતિ એટલી થઈ જાય છે કે, માણસ પોતાની માનવતાને પણ ભૂલી જાય છે. અને નહીં કરવાના કાર્યો કરી બેસે છે. કદાચિત્ એને પશ્ચાત્તાપ થાય છે પણ તે ઘણો મોડો પડી જાય છે. બગડી ગએલી બાજી સુધારવાને એને અવકાશ પણ હોતો નથી. આ બધી ઘટનાનું કારણ દ્વેષ છે, છતાં આપણે જોઈ ગયા કે, દ્વેષ પણ રાગમાંથી જ જન્મે છે. એટલે રાગ પેદા થએલો હોય તો જ દ્વેષને જન્મવાનો અવકાશ મળી જાય છે. જ્યાં રાગ જ ન હોય ત્યાં દ્વેષનો જન્મ થવાનો માર્ગ જ બંધ થઈ ગએલો હોય છે. એ વસ્તુ ખૂબ જ ધ્યાનમાં રાખવા જેવી છે. અગ્નિ હોય તો જ ધૂમાડો ઉત્પન્ન થાય એવો એ પ્રકાર છે.

જ્યારે એમ જોવામાં આવે છે કે અમુક માણસ બીજાનો દ્વેષ કરે છે ત્યારે એ વસ્તુ સ્પષ્ટ જોવામાં આવે છે કે, એનો કોઈ વસ્તુ ઉપર રાગ છે અને એ એના રાગને આડે પેલો માણસ આવે છે. અને તેને લીધે જ એ દ્વેષ કરે છે. સારાંશ દ્વેષના મૂળમાં રાગ એ જ મુખ્ય કારણ હોય છે. એટલે રાગ, દ્વેષ હોય ત્યારે જ દ્વેષ જન્મે છે.

જગતમાં એવો અનંત વસ્તુઓ છે કે જેની આપણને જરૂર હોતી નથી. એકાદ વસ્તુ તરફ જ્યારે મનુષ્યને આતુરતાથી આકર્ષાય છે, અને તેને માટે પડાપડી કરે છે, ત્યારે તેની એ કૃતિ તરફ આપણે

For Private And Personal Use Only

તિરસ્કારની નજરે જોઇએ છીએ. અને એની એ તાલાવેલી માટે તેને મૂર્ખમાં ગણીએ છીએ. એનું કારણ એટલું જ છે કે, એ વસ્તુ માટે આપણને રાગ હોતો નથી. આપણને એ વસ્તુ બિનજરૂરી જણાય છે. અને તે માટે આપણે વિરાગની ભાવના સેવીએ છીએ. એ ઉપરથી એ ફલિત થાય છે કે, જે વસ્તુ માટે આપણને રાગ કે પ્રેમ હોતો નથી. તે વસ્તુ માટે આપણે જરાએ દુઃખ અનુભવતા નથી અને તે વસ્તુ ન મળે તે માટે આપણને બિલકુલ ભાવના પ્રગટ થતી નથી. ત્યારે દ્વેષની જરૂર રહી જ ક્યાં ? અમુક વસ્તુ આપણે જોઈએ છીએ એવી રાગદશા જ અનેક આપત્તિઓને નોતરે છે. અને પછી એ ચક્ર ચાલુ થાય છે. અને એક પછી એક નવા નવા ચક્રો ગતિમાન થાય છે, એવા અનેક ચક્રો ચાલુ થતા એક ન ઉકેલી શકાય એવું યંત્ર નિર્માણ થાય છે. એને જ સંસાર એવું નામ આપવામાં આવે છે. એટલે સંસાર વધવાનું કોઈ કારણ હોય તો એ રાગ છે. એટલે રાગ શબ્દનો જ અર્થ સંસાર એવો કરીએ એમાં જરાય ખોટું નથી. એક છિદ્રમાંથી જ અનેક નવાં છિદ્રો થાય છે. **छिद्रेष्वनर्था बहुली भवन्ति** છિદ્રમાં અનેક વિસંવાદી નુકસાનકારક વસ્તુઓને પ્રવેશ કરવાનો અવસર મળી જાય છે. અને અનેક અનર્થો તેમાંથી જન્મે છે. અને સંસારનું અખંડ ચક્ર શરૂ થઇ જાય છે. અને એવા અટપટા યંત્રમાં સપડાયા પછી તે ક્યાં જશે અને તેનું શું પરિણામ આવશે એનું આકલન કરી શકાતું નથી. એ ચક્રમાંથી છૂટવા માટે જ્ઞાની મહાત્માઓએ અનેક જાતના માર્ગો સૂચવેલા છે. બધી જ વ્યક્તિઓ માટે તેના ક્ષયોપશમને અનુકૂલ એવા માર્ગો મળી જાય છે. એમાં ભિન્નતા જણાય, પણ આખરે પરિણામ એક જ આવવાનું હોય છે. અને એ સંસારના બંધમાંથી મુક્ત થવાનું જ છે. અને એ પરિણામ લાવવા માટે રાગ, આસક્તિ કે મોહનો નાશ કરવાનું જ સૂચવવાનું હોઈ તે ધ્યેય સામે મૂકવામાં આવેલું હોય છે. એક જ માર્ગ બધાઓ માટે અનુકૂલ ન હોય તો પણ ધ્યેયમાં ભિન્નતા ન જ હોય. અને એ રાગથી મુક્તિ તે જ વિરાગ અવસ્થા.

તીર્થંકર ભગવંતોને આપણે વીતરાગનું ઉપમાન આપીએ છીએ પણ વીતદ્વેષ એવું ઉપમાન આપતા નથી. વીતરાગ એવી અવસ્થા છે કે, તેમાં વીતદ્વેષપણું આપોઆપ આવી જ જાય છે. જ્યાં રાગ જ વિદ્યમાન ન હોય ત્યાં દ્વેષનો પ્રાદુર્ભાવ ક્યાંથી થાય? ભગવંતને કોઇ વસ્તુ ઉપર રાગ જ હોય નહીં. કોઈ વ્યક્તિવિશેષ ઉપર મમત્વ ભાવના જ ન હોય ત્યારે ત્યાં દ્વેષને સ્થાન ક્યાં હોય? અમુક મારું છે એવો વિચાર પણ ન હોય ત્યારે અમુક પારકું છે એમ માનવાનો અવસર જ ક્યાંથી આવવાનો હોય? એટલે મમ એટલે મારું જ્યાં હોય ત્યાં જ મમ એટલે પારકું હોય. પણ મારાપણાની ભાવના જ ન હોય ત્યાં એના અભાવમાં દુઃખ અને દ્વેષ પેદા જ ક્યાંથી થાય? મતલબ કે મુક્તિ એવી જુદી વસ્તુ નહીં પણ વિરાગતા કે વીતરાગતા એ જ છે. કહેવાનો મુદ્દો એટલો જ છે કે, વીતરાગદશા એ જેટલું મૃત્યુ છે. એને ફરી મૃત્યુ નથી. જન્મનું કારણ આસક્તિ, રાગ કે મોહથી ઉત્પન્ન થએલ કર્મોનો ભોગવટો કરવાનું હોય છે. અને તેથી જ તેનો ભોગવટો કરવાનું સાધન જે શરીર તેની જરૂર હોય છે. પણ વિરાગતાથી તેના કર્મો જ નષ્ટ થઇ જતા હોય ત્યારે આ શોણિતપુરમાં રહેલ અસ્થિ, મજ્જા કે રુધિરથી ભરેલ આ શરીર ધારણ કરવાની જરૂર જ ક્યાં રહી ? આ શરીર કરેલા સારાં કે માઠાં કર્મો ભોગવવાનું એક સાધન છે. જ્યારે સાધ્ય જે કર્મ ભોગવવા તે જ નષ્ટ થઇ જાય છે ત્યારે તેનું સાધન જે શરીર તેની શી જરૂર હોય? અને જ્યારે શરીરની જ જરૂર ન હોય ત્યારે જન્મ લેવાની જરૂર જ ક્યાં રહી ? એટલા માટે જ તીર્થંકર ભગવંતો અજર અને અમર કહેવાય છે. મૃત્યુ આપણને આવે નહીં એવી ઇચ્છા હોય તો જન્મનું કારણ જ પહેલાં નાશ કરવાનો પ્રયત્ન કરો! જન્મનું કારણ જ રાગ છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




**૧. પ્રથમ કર્મગ્રંથ** ( કર્મવિપાક ) [ પદ્યાનુવાદ અને કોઠા–યંત્રો સહિત ] પદ્યાનુવાદક તેમજ વિવેચનકર્તા –પંન્યાસ શ્રી દક્ષવિજયજી ગણિવર્ય. પ્રકાશક શ્રી વિજયલાવણ્યસૂરિજી જ્ઞાનમંદિર–બોટાદ. કાઉન સોળ પેજી પૃષ્ઠ આશરે ૨૨૫, પાકું બાઇંડીંગ, મૂલ્ય રૂપિયા બે. શ્રી વિજયનેમિસૂરિ ગ્રંથમાળાના પચીશમા રત્ન તરીકે આ પુસ્તક પ્રકાશિત કરવામાં આવેલ છે.

આ પુસ્તકમાં "કર્મ" જેવા કઠિન વિષયને સરળ ને સર્વને સમજાય તેવી ભાષામાં આલેખન કરેલ છે. ટિકા–ટિપ્પણી અને યંત્રો આપી વિષયને વધારે સ્પષ્ટ કરેલ છે. પરિશિષ્ટો ચાર આપી આ જ ગ્રંથની ઉપયોગિતા વધારી છે અને નવા જિજ્ઞાસુને પણ રસ ઉત્પન્ન થાય તેવી શૈલી અપનાવી છે. એકંદરે પુસ્તક આદરણીય બન્યું છે.

**૨. ધર્મબીજ**– લેખક 'અનાહત' પ્રકાશક– હીરાલાલ મણિલાલ શાહ, અમદાવાદ. કાઉન સોળ પેજી પૃષ્ઠ. ૧૧૨.

મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ–એ ચાર ભાવનાનું આ પુસ્તિકામાં સારી રીતે દિગ્દર્શન કરાવવામાં આવેલ છે. પૂજ્ય મુનિરાજશ્રી તત્વાનંદવિજયજીએ 'અનાહત' તખલ્લુસથી આ પુસ્તિકા સુંદર શૈલીથી આલેખી છે અને આ ચાર ભાવનામાં "ધર્મબીજ" કેવી રીતે વિકસી શકે તેનું સુંદર વિવેચન રજૂ કર્યું છે. પૂ. પં. શ્રી ભાનુવિજયજી ગણિવર્યે આ પુસ્તિકાનો ઉપોદ્ઘાત તથા 'પવિત્રતાના સંદેશ' આલેખી પુસ્તિકાની ઉપયોગિતામાં વધારો કર્યો છે.

**૩. 'શ્રી જિનપૂજાપદ્ધતિ' કી સમાલોચના**–લેખક મુનિરાજશ્રી અભયસાગરજી મહારાજ. પ્રકાશક–રાજસ્થાન જૈન સંસ્કૃતિરક્ષક સભા–બ્યાવર. કાઉન સોળ પેજી પૃષ્ઠ આશરે ૧૫૦; મૂલ્ય ચાર આના.

પંન્યાસશ્રી કલ્યાણવિજયજી મહારાજે 'શ્રી જિનપૂજાપદ્ધતિ' નામક એક પુસ્તિકા પ્રસિદ્ધ કરેલ. તે

---

અને રાગથી જ મોહની પરંપરા જન્મે છે. એટલા માટે જ રાગદશા છોડવાનો પ્રયત્ન કરવો ઉચિત છે.

વીતરાગ દશા એ આપણું અંતિમ ધ્યેય હોવું જોઇએ. એ અનાયાસે આવી જાય એમ નથી. એના માટે ધીમે ધીમે યથાશક્તિ વસ્તુઓ ઉપરથી રાગ ઓછો કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. અને એવી ટેવ પાડવી જોઈએ. પ્રથમ તો રાગ ઓછો કરવા પ્રયત્ન કરવો તેમ દ્વેષ પણ ઓછો કરવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. સહસા એકદમ વસ્તુ પ્રાપ્ત ન થાય એટલા માટે નિરાશ નહીં થતાં સતત એવો અભ્યાસ ચાલુ રાખવો જોઇએ અને વિશ્વાસ રાખવો જોઇએ કે યશ તમને મળશે જ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુસ્તિકામાં ચર્ચાસ્પદ બાબતોનો ઉલ્લેખ હતો, તે તે બાબતો સંબંધી આ પુસ્તિકામાં પૂ. વિદ્વાન મુનિરાજશ્રીએ પર્યાલોચન કર્યું છે અને તેને માટે સ્થળે સ્થળે શાસ્ત્રાધારો પણ દર્શાવ્યા છે.

૪. શ્રી **ભગવાન મહાવીરના ૨૭ ભવ**–લેખક મુનિરાજશ્રી જયપદ્મવિજયજી મહારાજ. પ્રકાશક–મેસર્સ આણંદજીની કું. મુંબઇ. ૯.

ત્રણ ફારમની આ પુસ્તિકામાં સરલ શૈલીથી હળવી ભાષામાં પરમાત્મા મહાવીરના બધા ભવોનું સંક્ષિપ્તમાં આલેખન કરવામાં આવેલ છે. મુનિરાજશ્રીનો પ્રયાસ સારો છે.

૫. **આત્મિક પ્રશ્નોત્તરી. ૬. ધર્મપરિમલ ૭. અમીઝરણાં ૮. ક્ષમાપનાપંચાશિકા ૯. પ્રભુપ્રાર્થના–અષ્ટક** –પાંચે પુસ્તિકાના લેખક પં. શ્રી સુશીલવિજયજી ગણિવર્ય. પ્રકાશક શ્રી વિજય લાવણ્યસૂરીશ્વર જ્ઞાનમંદિર–બોટાદ.

પહેલી પુસ્તિકમાં પ્રશ્નોત્તરરૂપે ઘણા વિષયોની રજુઆત કરવામાં આવી છે, જે જિજ્ઞાસુઓને ઉપયોગી છે. મૂલ્ય રૂા. એક. પૃષ્ઠ આશરે ૧૦૦

બીજી તથા ત્રીજી પુસ્તિકામાં વિવિધ સુવાકયોનો સંગ્રહ છે, જે ચિંતનાત્મક છે. બીજી પુસ્તિકાની કીંમત ચાર આના. ત્રીજી પુસ્તિકા ભેટ મોકલે છે.

ચોથી પુસ્તિકામાં ૫૦ ગદ્યોમાં આ જીવે કરવા જેવી ક્ષમાપનાનું સુંદર નિરૂપણ કર્યું છે. છેલ્લે પ્રાચીન ક્ષમાપના ગીત આપ્યું છે. મૂલ્ય ચાર આના.

પાંચમી પુસ્તિકામાં વિવિધ પ્રાર્થનાઓ આપવામાં આવી છે.

૧૦. શ્રી **મહેન્દ્ર જૈન પંચાંગ**–કર્તા પં. શ્રી વિકાસવિજયજી મહારાજ. પ્રકાશક–અમૃતલાલ કેવળદાસ મહેતા–અમદાવાદ. મૂલ્ય બાર આના.

જૈનાચાર્યશ્રી મહેન્દ્રસૂરિજીએ સૂક્ષ્મ ગણત્રીપૂર્વક "યંત્રરાજ" નામક ગ્રંથ વિ. સં. ૧૪૨૭માં લખેલ, તેના પરથી પં. શ્રી વિકાસવિજયજી મહારાજ ઘણા જ પરિશ્રમપૂર્વક આ પંચાંગ છેલ્લા ચોવીશ વર્ષથી નિયમિતપણે પ્રકટ કરે છે. આ પંચાંગ સૂક્ષ્મ ગણિતવાળું છે એટલે ગણત્રીની દૃષ્ટિએ વિશેષ ભેદાભેદ રહેતો નથી. આપણા સમાજમાં સૂક્ષ્મ ગણત્રીના પંચાંગના અભાવે જે વિતંડાવાદ રહેતો હતો તે સુપ્રયાસથી સમાજના સુભાગ્યે દૂર થયો છે. જૈનાચાર્યનું જ આ પંચાંગ વિશેષ ને વિશેષ વિકાસ સાધે એમ ઇચ્છીએ.

૧૧. **जैन दर्शन, वर्तमान विज्ञान व गृहस्थाश्रम** – ( હિંદી ) લેખિકા શ્રી રૂપવતી દેવી "કિરણ" પ્રકાશક–મૂળચંદ કિશનદાસ કાપડિયા–સુરત.

સુરતથી પ્રગટ થતાં "દિગંબર જૈન" ના એકાવનમા વર્ષના ભેટ–પુસ્તક તરીકે આ ગ્રંથ બહાર પાડવામાં આવ્યો છે. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૧૩૦, મૂલ્ય રૂપિયો એક.

આ પુસ્તકમાં જુદા જુદા ઓગણીશ પ્રકરણોમાં જૈન દર્શનનું તાત્ત્વિક સ્વરૂપ સમજાવવા ઉપરાંત "આદર્શ ગૃહસ્થ"ના લક્ષણો દર્શાવવામાં આવ્યા છે, વિશેષમાં "વર્તમાન વિજ્ઞાન"માં જે ક્રાંતિકારક ફેરફારો થઇ રહ્યા છે તે માટે જૈન દર્શનનો–સિદ્ધાંતનો કેટલો મહત્ત્વનો ફાળો છે તેનું પણ સરસ શૈલીએ નિરૂપણ કરવામાં આવ્યું છે. લેખિકા રૂપવતી દેવી જાણીતા વિદ્વાન અને વિચારશીલ વ્યક્તિ છે. તેમની કલમનો પ્રભાવ આ પુસ્તકમાં સ્થળે સ્થળે જોવામાં આવે છે. પ્રયાસ પ્રશંસનીય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

## [ પુસ્તક ૫૫ મું ]

### વિ. સં. ૨૦૧૪ના કાર્તિકથી આસો સુધીની

## વાર્ષિક અનુક્રમણિકા

### ૧. પદ્ય લેખો


| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | નવીન વર્ષારંભે પ્રભુસ્તુતિ | | ૧ |
| ૨ | ગુરુસ્તુતિ | | ૨ |
| ૩ | સમર્પણા | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૩૪ |
| ૪ | દાની મેઘ | ( ,, ,, ) | ૫૦ |
| ૫ | નહિ મળે નર દેહ ફરીફરી | ( અભ્યાસી ) | ૬૬ |
| ૬ | અનામિકોને સ્મરણાંજલિ | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૮૨ |
| ૭ | પૂર્ણાનન્દ | | ૮૩ |
| ૮ | ભગ્નમૂર્તિ | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૯૮ |
| ૯ | દુર્જન સ્વભાવ | ( અભ્યાસી ) | ૧૧૪ |
| ૧૦ | પ્રમાદનું ફળ | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૩૦ |
| ૧૧ | શ્રી અજિતનાથ જિન સ્તવન | (શ્રી અમરચંદ માવજી ) | ૧૩૦ |
| ૧૨ | પ્રભુ મહાવીર કયાં મળશો ? | (શ્રી પાદરાકર ) | ૧૪૬ |
| ૧૩ | ક્ષમાપના | (શ્રી વસંતકુમાર બી. દોશી ) | ૧૪૭ |
| ૧૪ | શ્રી સુવિધિનાથ જિન સ્તવન | (શ્રી અમરચંદ માવજી ) | ૧૪૮ |
| ૧૫ | ભક્તિ સમર્પણા શી રીતે કરાય ? | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૪૯ |
| ૧૬ | પ્રભુ વીર સમયનું જૈન જીવન | (શ્રી પાદરાકર ) | ૧૭૦ |
| ૧૭ | મધુમક્ષિકે ! | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૭૧ |


### ૨. ગદ્ય લેખો


| | | | |
|---|---|---|---|
| ૧ | નૂતન વર્ષના પ્રવેશ પ્રસંગે | | ૨ |
| ૨ | ગુણ અને દોષ | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૬ |
| ૩ | સ્વાશ્રયી બનો ૬-૭-૮ | (અનુ૦ શ્રી વિઠ્ઠલદાસ મૂ. શાહ) | ૯, ૪૨, ૫૮ |
| ૪ | જ્ઞાન-આરાધન પર્વ | (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) | ૧૨ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૫ | સત્તરભેદી-પૂજા-સાર્થ | (પં. શ્રી રામવિજયજી ગણિવર્ય) | ૧૪, ૪૪, ૬૦ |
| ૬ | ધર્મ-કૌશલ્ય | (સ્વ. શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીયા) | ૧૭, ૪૬ |
| ૭ | ન્યાયાચાર્ય અને રાજનગર | (શ્રી હીરાલાલ ર. કાપડીયા) | ૨૦ |
| ૮ | આબૂ તીર્થ | (મુનિરાજશ્રી દર્શનવિજયજી) | ૨૩ |
| ૯ | યુગચેતનાની ઝાલરી | (શ્રી મોહનલાલ ચુ. ધામી) | ૨૫ |
| ૧૦ | શ્રી વિહરમાન નમિજિન સ્તવન-સાર્થ | (ડો. વલ્લભદાસ નેણુશીભાઈ) | ૨૮ |
| ૧૧ | તીર્થંકર પરમાત્માના ચોત્રીશ અતિશયો | (પં. સુશીલવિજયજી ગણિ) | ૩૦, ૧૩૧ |
| ૧૨ | ન્યાયાચાર્યની અદ્યાવધિ અમુદ્રિત કૃતિઓ | (શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા) | ૩૬ |
| ૧૩ | મહાન ઉપકારી કાલિકાચાર્ય | (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) | ૩૯ |
| ૧૪ | વાચક જશનાં નિશ્ચય અને વ્યવહારને અંગેનાં સ્તવનો | (શ્રી હીરાલાલ ર. કાપડીયા) | ૫૨ |
| ૧૫ | સાચી વિદ્યા | (મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી) | ૬૦ |
| ૧૬ | પ્રવૃત્તિ અને નિવૃત્તિ | (શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર') | ૬૮ |
| ૧૭ | સતીમંડળ અને સતીત્વ | (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) | ૭૧ |
| ૧૮ | માનસિક મિત્રો અને શત્રુઓ | (અનુ૦ શ્રી વિઠ્ઠલદાસ મૂ. શાહ) | ૭૪, ૯૦ |
| ૧૯ | જીવન અને આનન્દ | (મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી) | ૮૪ |
| ૨૦ | ઉપાધ્યાયશ્રીની પાઇય (પ્રાકૃત) કૃતિઓ | (શ્રી હીરાલાલ ર. કાપડીયા) | ૮૫ |
| ૨૧ | અલ્પતામાં જ પ્રભુતા વસે છે | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૯૩ |
| ૨૨ | ભ. મહાવીરનું અનંતવીર્ય, આત્મચર્યા અને ઉપદેશ | (જિજ્ઞાસુ) | ૯૫ |
| ૨૩ | સુભાષિત રત્નમંજૂષા | (મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી) | ૧૦૦ |
| ૨૪ | શત્રુઓને કામે લગાડો | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૦૧ |
| ૨૫ | આભ્યંતર શાન્તિ | (અનુ૦ શ્રી વિઠ્ઠલદાસ મૂ. શાહ) | ૧૦૪ |
| ૨૬ | ન્યાયાચાર્યકૃત સંસ્કૃત સ્તુતિ-સ્તોત્રો | (શ્રી હી. ર. કાપડીયા) | ૧૦૭ |
| ૨૭ | તેજદ્વેષ | (શ્રી મગનલાલ ડી. શાહ) | ૧૧૯ |
| ૨૮ | મહત્ત્વાકાંક્ષા | (અનુ૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ) | ૧૧૫, ૧૪૩, ૧૫૭ |
| ૨૯ | ઉપાધ્યાયજીનાં ૧૫૨ લઘુ સ્તવનો | (શ્રી હીરાલાલ ર. કાપડીયા) | ૧૧૮ |
| ૩૦ | વીરભક્ત કામદેવ | (શ્રી કાન્તિલાલ જ. દોશી) | ૧૨૨ |
| ૩૧ | અહંકાર એ પતનનો પ્રારંભ | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૨૪ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૩૨ | શ્રી અનંતવીર્ય વિહરમાન જિન સ્તવન-સાર્થ | (ડો. વલ્લભદાસ નેણશીભાઈ) | ૧૨૭ |
| ૩૩ | સંપનું મહત્વ | (શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર') | ૧૩૨ |
| ૩૪ | ધર્મસંગ્રહની સ્વોપજ્ઞ વૃત્તિના સંશોધક અને ટિપ્પણકાર | (શ્રી હીરાલાલ ર. કાપડિયા) | ૧૩૯ |
| ૩૫ | મિથ્યાત્વ અને તેના ભેદો | (પં. સુશીલવિજયજી ગણિ) | ૧૫૦, ૧૭૪ |
| ૩૬ | વામન અને વિરાટ | (શ્રી મગનલાલ ડી. શાહ) | ૧૫૩ |
| ૩૭ | એ રમણીરત્નોનાં ચરણમાં | (શ્રીમોહનલાલ દી. ચોકસી) | ૧૬૧ |
| ૩૮ | શ્રી સિદ્ધચક્રજીની આરાધના | (મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી) | ૧૬૩ |
| ૩૯ | જર્મન તત્ત્વજ્ઞાની નિત્શે : એક પરિચય | (પ્રા. જયંતિલાલ ભા. દવે) | ૧૬૭ |
| ૪૦ | સાચી વિચારદૃષ્ટિ | (રક્તતેજ) | ૧૭૩ |
| ૪૧ | સાચી દીપોત્સવી ઊજવો | (મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી) | ૧૭૮ |
| ૪૨ | રાગ અને દ્વેષ | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૮૦ |


## ૩-પ્રકીર્ણ


| | | |
|---|---|---|
| ૧ | વિદ્યાર્થીગૃહનું ખાતમુહૂર્ત | કા.-મા. ટા. પે. ૩ |
| ૨ | ધર્મ અને અમરતા | ૩૩ |
| ૩ | સ્વીકાર ૪૮, માહ ટા. પે. ૨. ચૈત્ર ટા. પે. ૩, વૈ. ટા. પે. ૨, જેઠ ટા. પે. ૩, તથા | ૧૮૨ |
| ૪ | પ્રજ્ઞાયોગ | ૪૯ |
| ૫ | સમાનદૃષ્ટિ | ૫૧ |
| ૬ | શ્રી જૈન આત્માનંદ સભાનો ૬૦ મો વાર્ષિક રિપોર્ટ | મહામાસનો અંક |
| ૭ | સ્વ. શેઠ ગુલાબચંદ આણંદજી | ૭૬ |
| ૮ | સુભાષિત | ૮૧, ૯૭, ૧૦૭ |
| ૯ | સન્માન અને સ્વાગત | ૧૨૮ |
| ૧૦ | જ્ઞાનનું મહત્વ | ૧૬૯ |
| ૧૧ | વાર્ષિક અનુક્રમણિકા | ૧૮૪ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અસ્યો રે અનોપમ મલે કોય મુઝને—

( આ કાવ્ય 'જૈનયુગ'ના સપ્ટેમ્બર માસના અંકમાંથી ઉધ્ધૃત કરવામાં આવ્યું છે. તેનો રચનાર કોણ છે તે વિષે કોઈ માહિતી મળતી નથી. તેનો ઢાળ તેમજ સમગ્ર રચના અને ભાવ ભક્ત નરસિંહના મ. ગાંધીજીના પ્રિય ભજન 'વૈષ્ણવ જન તો તેને કહિયે'ને બહુ જ મળતો છે. 'વૈષ્ણવજન'ના કાવ્યમાં આદર્શ વૈષ્ણવ કેવો હોય તેનું ટૂંકામાં નિરૂપણ છે તો સદરહુ કાવ્યમાં 'આદર્શ જૈન' કેવો હોય તેનું ટૂંકામાં નિરૂપણ છે. વસ્તુતઃ આદર્શ માનવીનું જ બંને કાવ્યમાં ભિન્ન ભિન્ન પ્રકારે સુંદર આલેખન છે.

'વૈષ્ણવજન' કાવ્યની માફક આ કાવ્ય પણ ખાસ કરીને જૈન સંસ્થાઓ માટે ઉત્તમ કોટિના પ્રાર્થનાગીતની ગરજ સારે તેવું છે.

( વૈષ્ણવ જન તો તેને કહીએ—એ ઢાળ )

અસ્યો રે અનોપમ મલે કોય મુઝને, શ્રાવક અથવા મુણીંદ રે,
જેસું રંગભર ગોઠિ કરંતા, ઊપજે પરમાણુંદ રે.
સરલ સુકોમલ નિરમલ પ્રાણી, બોલે મુખ મધુરી વાણી રે,
ત્રસ થાવર જીવ સરખા જાણી, દયા પલે ચિત્ત આણી રે.
સમકિતધારી પરઉપકારી, નિરમલ જ્ઞાન વિચારી રે,
દાન શિયલ તપ ભાવના સારી, ધર્મથાનકે હિતકારી રે.
જેહને દીઠે મુને હરખ જ થાયે, હૈડે તે અતિ સુહાવે રે,
તેસું મનની વાત કરંતા, સુખ દુઃખ સરખો થાયે રે.
અવગુણ કો'ના કહે ન પ્રકાશે, બેસે તે ગુણવંત પાસે રે,
વચન વિલાસ સભાનું રંજન, ઉત્તમ ધરમ પ્રકાશે રે.
પરમાનંદ પદ પહોંચાવા કાજે, ચાલે તે પંથે સાચે રે,
સાધુ તણી સંગતે માચે નારીના રંગે ન રાચે રે.
જિનવર આણ સુધ્ધાં પ્રતિપાલે, કુમતિ કદાગ્રહ ટાલે રે,
જ્ઞાનનેત્રે નજર નિહલે, પ્રવચન માતા સંભાલે રે.
ધીર વીર ઉપશમનો સાગર, ન ધરે મન અભિમાન રે,
ધન ધન તે નર પરમ ધુરંધ , ત્રિભુવન તિલક સમાન રે.
રયણ ત્રણ જેહને મન મંદિર, અહર્નિશ કરે પરકાસ રે,
તત્ત્વ સહિત નિર્મલ વ્રત પલે, તે નર ઉન્નત વાસ રે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

# જાગૃતિની જરૂર

ભગવાન મહાવીરે ગુરુ ગૌતમસ્વામીને **समयं गोयम मा पमायए।**–હે ગૌતમ, એક સમય જેટલો પણ પ્રમાદ ન કરીશ એમ વારંવાર કહ્યું છે તેનું રહસ્ય એ છે કે જાગૃત રહો.

જૈન શાસ્ત્રોએ હિંસા કે પાપથી બચવા માટે કહ્યું છે કે જે યતનાપૂર્વક–જાગૃતિપૂર્વક ચાલતો હોય, ઊભો રહેલો હોય, બેસતો હોય, સૂતો હોય, જમતો હોય કે બોલતો હોય તે પાપકર્મને બાંધતો નથી. તે ઉપરાંત જૈન શાસ્ત્રોએ ઠેર ઠેર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો વિચાર કરીને વર્તવાનું ઉદ્‌બોધન કર્યું છે, તેનો અર્થ પણ સતત જાગૃતિ જ થાય છે. રસ્તે ચાલતો માનવી જો સતત જોયા ન કરે તો ગમે ત્યારે ઠોકર ખાઈ જવાનો ડર રહે છે. એ જ રીતે જે માનવી પોતાનાં મન અને હૃદયને જાગતાં નહીં રાખીને, આસપાસ સર્જાતી જતી નવી નવી પરિસ્થિતિનો તાગ લીધા વગર કે એનો ઊંડો વિચાર કર્યા વગર ચાલુ ચીલે કે ગતાનુગતિકપણે ચાલ્યા કરે છે તે વણનોતરી મુસીબતોમાં ફસાઇ જાય છે. અને આવી પડેલી મુસીબતોમાંથી ઊગરી શકતો નથી.

જૈન સમાજનો મોટો ભાગ અત્યારે જે મુશ્કેલીઓ અને ખાસ કરીને ભારે આર્થિક ભીંસ અનુભવી રહ્યો છે તેનું મુખ્ય કારણ પણ આવી જાગૃતિનો અભાવ છે.

કેવી પરિસ્થિતિમાં કેવી રીતે વર્તવું એની સૂઝ એ જ જાગૃતિનો સાચો અને વ્યવહારુ અર્થ છે. શિયાળામાં મલમલ જેવા ઝીણાં વસ્ત્રો પહેરવાં અને ઉનાળે ઊનના લૂગડાંથી શરીરને ઢાંકવું એ જેમ બેવકૂફી અને બિનજાગૃતિ છે, બરાબર એ જ રીતે આર્થિક સગવડો ટૂંકી થતી જતી હોય છતાં જૂના ખર્ચાળ રીતરિવાજોને વળગી રહેવું એ બિનસમજણ, જડતા અને જાગૃતિનો અભાવ સૂચવે છે. અત્યારની આર્થિક આંધીની સામે ટકવા માટે તો કેવળ એકલદોકલ વ્યક્તિની જાગૃતિથી કામ નહીં ચાલે; એ માટે તો આપણે સામાજિક–સમાજવ્યાપી જાગૃતિને અપનાવીને આખા સમાજને સજાગ કરવો પડશે. આપણે એ સૂત્ર યાદ રાખીએ કે 'જાગે સો પાવે ઓર સોવે સો ખોવે'. હજુ ય જો આપણે ન જાગ્યા તો આપણે અવનતિના કેવા ખાડામાં જઈ પડશું એ કહેવું મુશ્કેલ છે.

**'જૈનયુગ'માંથી**

મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ : આનંદ પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only